૩૯ નોબેલ લોરિયેટસ્ટ અને ૮૪ કન્ટ્રીમાંથી હાજર રહેલા ૬૦૦થી વધુ યંગ સાયન્ટિસ્ટ્સની મિટિંગ યોજાઈ હતી

# IITGnની સ્ટુડન્ટે જર્મનીની નોબેલ લોરિયેટ મિટિંગમાં પાર્ટિસિપેટ કર્યું

આઈ.આઈ.ટી. ગંધીનગરની સ્ટુડન્ટે જર્મનીમાં યોજાયલે લીન્ડો નોબલ લોરિયેટ મિટિંગમાં પાર્ટિસિપેટ કર્યુ હતું. સમગ્ર વિશ્વમાંથી ૩૯ નોબેલ લોરિયેટ્સ, ૬૦૦ સાયન્ટિસ્ટ્સ, હાજર રહી રિસર્ચ, વર્કશોપ્સ, તેમજ સાયન્સ રિસર્ચ પર જ્ઞાન મેળવ્યું હતું. અંગે પોતાનું એક્સ્પીરિયન્સ શેર કરતાં આઈ.આઈ.ટી. ગાંધીનગરના પી.એચડી. સ્ટુડન્ટ ગાયત્રી પુરૂશોત્તમે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વના ૮૪ દેશોમાંથી ૬૦૦ કરતાં વધુ સાયન્ટિસ્ટ્સ હાજર રહ્યાં હતાં. આ મીટિંગમાં હાજરી આપવા માટે ઈન્ડિયામાંથી ૩૦ જેટલા સ્ટુડન્ટ્સ હાજર રહ્યાં હતાં, જેમાં મારું પણ સિલેક્શન થયું. આ મિટિંગ મારા માટે એક આશીર્વાદરૂપ નીવડી હતી, ત્યાં એક સાથે ૩૯ નોબેલ લોરિએટ્સને મળી તેઓના રિસર્ચવર્ક, તેઓની ફિલોસોફી અને નોબેલ મેળવવા કરેલ હાર્ડવર્ક પર ડિસ્કશનની સાથે ૬૦૦થી વધુ યંગ સાયન્ટિસ્ટ હાજર રહી આ મિટિંગ



દરમિયાન પોતપોતાના પોસ્ટર શેસન્સ, માસ્ટર ક્લાસ, સાયન્સ વોક, તેમજ વિવિધ દેશોના રિપ્રેઝનટેટિવ્ઝ દ્વારા પોતાની કન્ટ્રીની કલ્ચરલ સંસ્કૃતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મિટિંગ પછી ખાસ ઈન્ડિયન સ્ટુડન્ટ્સ માટે એક જર્મન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂ ટૂરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી ઓફ બોન, હેનોવર મેડિકલ સ્કૂલ, મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ફેક્શન બોયોલોજી, સહિતની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીની વિઝિટ પણ એરેન્જ કરવામાં આવી હતી.

**Title** : **IITGN student participated in the Nobel Laureate Meeting in Germany**
**Source :** Sandesh (City Life, Pg. no. 1)
**Link** : http://sandeshepaper.in/edition/52203/ahmedabad/page/19
**Date** : 01-09-2018